PAGE No. | DATE

# પાઠ-૩ ત્રણ ઢીંગલીઓ

* **શબ્દાર્થ** [નોટબુક]

- કલાકાર - કોઈ કલાને જાણનાર
- મૂલ્ય - કિંમત
- પ્રયાસ - કોશિશ
- વિશ્વાસપાત્ર - જેના પર વિશ્વાસ કરી શકાય
- શ્રેષ્ઠ - મહાન
- ભેટ - ઈનામ

→ શ્રુતલેખન [નોટબુક]

(૧) સુંદર

(૨) મહારાજ

(૩) કલાકાર

(૪) અકબર

(૫) દરબાર

(૬) હવા

→ મૌખિક પ્રશ્નોનાં જવાબ આપો. [નોટબુક]

(1) અકબરના દરબારમાં ઢીંગલીઓ લઈને કોણ આવ્યું?

જ. અકબરના દરબારમાં ઢીંગલીઓ લઈને એક કલાકાર આવ્યો.

(2) દરબારીઓને ત્રણે ઢીંગલીઓ કેવી લાગી રહી હતી?

જ. દરબારીઓને ત્રણે ઢીંગલીઓ એકસરખી લાગી રહી હતી.

(3) કઈ ઢીંગલી સહુથી સારી હતી?

જ. ત્રીજી ઢીંગલી સહુથી સારી હતી.

(4) ત્રણે ઢીંગલીઓમાં શું તફાવત હતો?

જ. ત્રણે ઢીંગલીઓમાં સ્વભાવમાં તફાવત હતો.

⇒ લેખિત પ્રશ્નોનાં જવાબ લખો. [નોટબુક]

(1) કલાકાર ઢીંગલી કોને આપવા ઈચ્છતો હતો?

જ. સૌથી સારી ઢીંગલી શોધી આપનારને કલાક
ઢીંગલી આપવા ઈચ્છતો હતો.

(2) બીરબલે ઢીંગલીઓ વચ્ચેનો ભેદ કઈ રીતે શોધ

PAGE No. | DATE

જ. બીરબલે ઢીંગલીઓના કાનમાં ફૂંક મારીને ઢીંગલીઓ વચ્ચેનો ભેદ શોધ્યો.

(૩) બીજી ઢીંગલી કયા લોકો જેવી હતી?

જ. બીજી ઢીંગલી એવા લોકો જેવી હતી જે સાંભળેલી દરેક વાત અન્યને કહી દે છે.

(૪) ત્રીજી ઢીંગલી શ્રેષ્ઠ કઈ રીતે હતી?

જ. ત્રીજી ઢીંગલી સૌથી સારી હતી કેમ કે તે એવા લોકો જેવી હતી. જે અન્યની ગુપ્ત વાતો પોતાના સુધી જ રાખે છે.